## રાજસ્થાનનું વન્યજીવન

# નવી કથા, નવો રોમાંચ!

વન્યજીવનનો વિષય નીકળે ત્યારે રાજસ્થાનની તોલે ભાગ્યે જ બીજું કોઈ રાજ્ય આવે. ૩,૪૩,૦૦૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું રાજસ્થાન બે મહત્ત્વની ભૌગોલિક વિશેષતા ધરાવે છે. એક, ઈશાનથી વાયવ્ય સુધી ફેલાયેલી દુનિયાની સૌથી જૂની વળવળાંકવાળી પર્વતમાળા અરવલ્લી અને બીજી, રાજ્યની પશ્ચિમે આવેલું થરનું અફાટ રણ. આ બન્ને ભૌગોલિક પાસાંએ અહીંના લોકોનાં જીવન પર તો અસર કરી જ છે સાથે સાથે એવો ભૂભાગ સર્જ્યો છે, જે અદ્ભુત જીવસૃષ્ટિ તથા પક્ષીસૃષ્ટિને પોષે છે. અહીં વન્યજીવન જોવા-માણવા આવતા સહેલાણીઓ પાસે અનેક વિકલ્પ છે, કેમ કે અહીંનાં ચાર નૅશનલ પાર્ક્સ અને પચ્ચીસ અભયારણ્ય જીવસૃષ્ટિ જોવાના અદ્ભુત અવસર પૂરા પાડે છે. અહીં દુર્લભ અને નિકંદનના આરે આવી ગયાં હોય એવાં પ્રાણી એમના કુદરતી આવાસમાં જોવા મળે છે. અહીંનાં આર્દ્ર ભૂમિવાળાં જંગલોની હરિયાળી, સૂકુંભટ રણ, ઝાડીઝાંખરાંથી ભરેલા વનવગડા અને ખડકાળ પહાડો વચ્ચે આવેલી ઊંડી ખીણો મનોહર દશ્યો ઊભાં કરે છે. એ ઉપરાંત, અહીંના રાજાએ સર્જેલાં વેટલૅન્ડ્સ પણ અદ્ભુત છે, જે હવે રામસર સાઈટ તરીકે ઓળખાય છે અને યુનેસ્કોએ એને વર્લ્ડ નૅચરલ હેરિટેજ સાઈટ ઘોષિત કર્યાં છે.





## અહીં પહોંચવું સરળ છે

દુર્લભ અને નિકંદનના આરે હોય એવી પ્રજાતિનાં પ્રાણીઓનું જ્યાં જતન થાય છે એવાં અહીંનાં સુ-રક્ષિત જંગલો સુધી જમીન, હવાઈ કે રેલમાર્ગે પહોંચવું સરળ છે. એ ઉપરાંત, અહીં રહેવાની વ્યવસ્થા પણ સહેલાઈથી મળી રહે છે અને એ પણ તમામ પ્રકારના બજેટને માફક આવે એવી. અહીં પ્રવાસનું આયોજન કરવું પણ સહેલું છે, કેમ કે સફારી **sso.rajasthan.gov.in** પર બુકિંગ થઈ શકે છે અને વન્યજીવનના શોખીનો માટે વિશેષ પ્રવાસ યોજી શકાય છે.

**સફારી ટાઈમ**

## રણથંભોર નૅશનલ પાર્ક ઍન્ડ ટાઈગર રિઝર્વ

આ અભયારણ્યનાં વૃત્તાંત ટી-૧૬ મચલી, ટી-૨૪ ઉસ્તાદ કે ટી-૨૫ ઝાલિમ તરીકે ઓળખાતાં ભવ્ય વાઘ-વાઘણોથી સભર રહ્યાં છે અને દુનિયાભરના પશુપ્રેમી પ્રવાસીઓમાં પ્રિય પણ રહ્યાં છે. ભારતના સૌથી પ્રતિષ્ઠિત અને સૌથી મોટા ટાઈગર રિઝર્વ રણથંભોરમાં વાઘને એના કુદરતી આવાસમાં જોવાનો એવો રોમાંચ લઈ શકાય છે, જે વિશ્વમાં બીજે ક્યાંય ભાગ્યે જ લઈ શકાતો હશે. સવાઈ માધોપુર રેલહેડથી અહીં પ્રવેશી શકાય છે. ૩૯૨ ચોરસ કિલોમીટરના આ અભયારણ્યમાં અદ્ભુત પક્ષીસૃષ્ટિ અને વિવિધ વનસ્પતિઓનો ભંડાર છે. જૂના રજવાડાના સમયમાં ગેમ રિઝર્વ રહી ચૂકેલા આ અભયારણ્યનું વિશેષ પાસું છે દસમી સદીનો રણથંભોર કિલ્લો, જેનો યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ થયેલો છે. એ ઉપરાંત, રાજબાગ છે, જેને ક્યારેક ટાઈગર નર્સરી તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. આ સિવાય અહીં ત્રણ સરોવર અને ત્રિનેત્ર નામનું ગણેશ મંદિર પણ છે, જ્યાં હજી પૂજાપાઠ થાય છે. ૧૯૭૩થી પ્રોજેક્ટ ટાઈગરનો ભાગ બનેલા રણથંભોરને ૧૯૮૯માં નૅશનલ પાર્ક તરીકે ઘોષિત કરવામાં આવ્યું હતું. ૧૯૯૧માં એને અડીને આવેલાં સવાઈ માનસિંહ અને કેલાદેવી અભયારણ્યો એમાં જોડી દેવામાં આવ્યાં હતાં.

**અહીંની મુલાકાત લેવા માટેનો શ્રેષ્ઠ સમય છેઃ ઑક્ટોબર-જૂન.**

## પક્ષીસૃષ્ટિઃ કેવલદેવ ઘાના નૅશનલ પાર્ક

આ પાર્ક એક સમયે ભરતપુર પક્ષી અભયારણ્ય તરીકે ઓળખાતો અને એ ભરતપુરના રાજવીઓ માટે ખાનગી શિકારસ્થળ હતું, જ્યાં બતકનો શિકાર થતો. આ અદ્ભુત વેટલૅન્ડ બનાવવાનો વિચાર હકીકતમાં મહારાજા સૂરજમલને આવેલો. એમણે વરસાદી પાણીને બંધ દ્વારા રોકીને જળાશય બનાવડાવેલું. ૧૯૮૧માં આ સ્થળને રામસર વેટલૅન્ડ એવું નામ આપવામાં આવ્યું હતું અને ૧૯૮૫માં યુનેસ્કોએ એને વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે માન્યતા આપી હતી. કેવલદેવ ઘાના નૅશનલ પાર્કની છીછરાં જળવાળી જમીન એવું પર્યાવરણ સર્જે છે, જે પક્ષીસૃષ્ટિ માટે આદર્શ છે. એટલે જ અહીં સ્થાનિક ઉપરાંત વિદેશનાં ઋતુપ્રવાસી પંખીઓ પણ આવે છે. આ હરિયાળો રણદ્વીપ બગલાનો આવાસ પણ ગણાય છે. આ વેટલૅન્ડમાં નૌકાવિહાર કરી શકાય છે અને સાઈકલ કે રિક્ષા દ્વારા ગાઈડ સાથે પણ ટહેલી શકાય છે. અહીંથી ભરતપુર જંક્શન માત્ર સાત કિલોમીટર દૂર છે.

**અહીંની મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય છેઃ ઑક્ટોબર-ફેબ્રુઆરી.**

## સાંભાર સૉલ્ટ લેક

જયપુરથી બે કલાક દૂર એટલે કે સો કિલોમીટરના અંતરે આવેલા રાજસ્થાનની વાઈલ્ડલાઈફનો રત્નસમો નજારો એટલે સાંભાર સૉલ્ટ લેક. આ રેતી, મીઠું અને પાણીનાં વેરવિખેર ખાબોચિયાંનો એક વિશાળ જથ્થો છે, જે ૧૯૨ વર્ગ કિલોમીટરમાં ફેલાયેલો છે અને નાગૌર, જયપુર તથા અજમેર એમ ત્રણ જિલ્લાને આવરી લે છે. ઑક્ટોબરમાં એટલે કે ચોમાસું પૂરું થયા પછી પક્ષીપ્રેમીઓને તો અહીં જલસો પડી જાય એવાં દૃશ્યો જોવા મળે છે. ખાસ કરીને ફ્લેમિંગો એટલે કે સુરખાબ પક્ષીઓ જોવા મળે છે. ગુજરાતના કચ્છના રણ પછી ભારતમાં આ એકમાત્ર એવી જગ્યા છે, જ્યાં સુરખાબ પક્ષીઓની વિશાળ વસાહતો જોવા મળે છે. નવેમ્બર મહિનામાં અહીં ઋતુપ્રવાસી પક્ષીઓ આ ફ્લેમિંગોઝ સાથે હળેભળે છે. નવેમ્બરથી માર્ચના મધ્ય ભાગ સુધી અહીં પક્ષીશોખીનો માટે સ્વર્ગ સમા નજારા ખડા થાય છે. છેવટે માર્ચના અંતે ઋતુપ્રવાસી પક્ષીઓ અહીંથી વિદાય લે છે. ૧૯૯૦થી રામસર સાઈટમાં ભળેલું

રાજસ્થાન વિશેષ

# રાજસ્થાનના વન્યજીવનની ઝાંખી

- **રણથંભોર નૅશનલ પાર્ક ઍન્ડ ટાઈગર રિઝર્વ**
  મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય: **ઑક્ટોબર-જૂન**
- **કેવલદેવ ઘાના નૅશનલ પાર્ક** (ભૂતપૂર્વ ભરતપુર પક્ષી અભયારણ્ય)
  મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય: **ઑક્ટોબર-ફેબ્રુઆરી**
- **સાંભાર સૉલ્ટ લેક**
  મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય: **ઑક્ટોબર-મિડ માર્ચ**
- **જવાઈ બંધ**
  મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય: **એપ્રિલ-જૂન**
- **ડેઝર્ટ નૅશનલ પાર્ક**
  મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય: **ઑક્ટોબર-ફેબ્રુઆરી**
- **જાલના લેપર્ડ સફારી પાર્ક**
  મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય: **ઑક્ટોબર-જૂન**
- **સારિસ્કા નૅશનલ પાર્ક ઍન્ડ ટાઈગર રિઝર્વ**
  મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય: **ઑક્ટોબર-જૂન**
- **મુકુંદ્રા ટાઈગર રિઝર્વ**
  મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય: **ઑક્ટોબર-જૂન**

આ સાંભાર સૉલ્ટ લેક ઈન્ડિયન વેટલૅન્ડ કન્ઝર્વેશન પ્રોગ્રામનો ભાગ હોવાથી એક મહત્ત્વની કન્ઝર્વેશન સાઈટ પણ છે.
**અહીં જવાનો શ્રેષ્ઠ સમય છે: ઑક્ટોબરથી મધ્ય માર્ચ.**

## જવાઈ બંધ

ઉદયપુરથી ૧૫૨ કિલોમીટર દૂર આવેલા જવાઈ બંધ નામના સ્થળે દાયકાઓથી એક વાયકા વહી રહી છે. આ અનોખી કહાણી છે આદિવાસી રબારી સમાજ અને દીપડા વચ્ચેના અદ્વિતીય સંબંધની. હવે તો સહેલાણીઓમાં પણ પર્યાવરણની અજાયબી જેવી આ કહાણી પ્રસરી ગઈ છે. આ વાત છે જવાઈ બંધની આસપાસનાં નાનકડાં ગામડાંની અને મંદિરો ધરાવતી જવાઈ ટેકરીઓની ગુફા તથા ભેખડમાં રહેતા દીપડાની. આમ તો આ દીપડા ભાગ્યે જ દેખાય છે. જો કે પર્વા હિલ ખાતેનું શિવગદા શિવ મંદિર માણસ અને દીપડાના શાંતિમય સહઅસ્તિત્વને નિહાળવા માટેનું શ્રેષ્ઠ સ્થાન ગણાય છે. ટેકરીઓમાં રહેતા દીપડા અને મંદિરોની વાતો શિવભક્ત રબારીઓની દંતકથાઓમાં વણાયેલી છે. છેલ્લી વાર માણસ અને દીપડા વચ્ચે સંઘર્ષ થયો હોય એવું છેક દોઢસો વર્ષ પહેલાં બન્યું હતું. આજે અહીં પ્રાઈવેટ સફારી યોજાય છે. **અહીં આવવાનો શ્રેષ્ઠ સમય છે: એપ્રિલ-જૂન.**

## થરનું રણ

જેસલમેર અને બાડમેર જિલ્લાની આસપાસનું સોનેરી રેતી ધરાવતું થરનું રણ ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ નામના પક્ષીનું આશ્રયસ્થાન છે, જેને કારણે સ્થાનિક ભાષામાં સોન ચિરૈયા તરીકે ઓળખાતા આ પક્ષીનું નિકંદન નીકળતાં બચે છે. જેસલમેરથી કલાકેકનું ડ્રાઈવ (પંચાવન કિલોમીટર) કરીને સહેલાણીઓ ડેઝર્ટ નૅશનલ પાર્ક પહોંચી શકે છે. આ નૅશનલ પાર્ક દુર્લભ ગણાતા ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડને બચાવવા માટે જ સ્થાપવામાં આવ્યો છે. અહીંની બીજી વિશેષતા છે ચિંકારા, જે એશિયાનું નાનામાં નાનું હરણ છે. અહીં સાઈટસીઈંગ માટે શ્રેષ્ઠ વિસ્તાર છે સુદર્શીનો, જે બે હજાર એકરમાં પથરાયેલો છે.
**અહીં આવવાનો શ્રેષ્ઠ સમય છે: ઑક્ટોબર-ફેબ્રુઆરી.**

## જાલના લેપર્ડ સફારી પાર્ક

જયપુર આવતા સહેલાણીઓ માટે શિયાળામાં હવે એક નવું રોમાંચક આકર્ષણ ઉમેરાયું છે, જેણે ખાસ્સી આતુરતા જગાવી છે. એ છે ભારતના સર્વપ્રથમ પ્રોજેક્ટ લેપર્ડ હેઠળ શરૂ થયેલું પહેલવહેલું દીપડાનું અભયારણ્ય, આથી જે



સહેલાણીઓને રાજસ્થાનના દંતકથારૂપ ગેમ પાર્ક્સમાં જવાનો સમય ન હોય એ હવે જયપુરમાં જ જાલના લેપર્ડ સફારી પાર્ક (એક કલાકના રસ્તે)ની મુલાકાત લઈ શકે છે. આ પાર્ક નાહરગઢ હેઠે આવેલો છે. પાર્ક નાનો હોવાથી અહીં દીપડા જોવા મળી જ જાય છે. સવારે અને સાંજે અહીં સફારી યોજાય છે, જે અઢી કલાકની હોય છે. **અહીં આવવાનો શ્રેષ્ઠ સમય છે: ઑક્ટોબર-જૂન.**

## સારિસ્કા નૅશનલ પાર્ક અને ટાઈગર રિઝર્વ

અલવરથી માત્ર ૩૫ કિલોમીટર દૂર સારિસ્કા નૅશનલ પાર્ક અને ટાઈગર રિઝર્વ પણ જોવા જેવું અભયારણ્ય છે, કેમ કે અહીં હમણાં વાઘની વસતિમાં વધારો થયો છે. વાઘ ઉપરાંત અહીં અન્ય પ્રાણીઓ પણ છે. વિવિધ વનસ્પતિઓની ભરમાર પણ છે. એ સિવાય નીલકંઠ મંદિર અને કંકાવરી કિલ્લો જેવા ઐતિહાસિક અવશેષો પણ જોવાલાયક છે. **અહીં આવવાનો શ્રેષ્ઠ સમય છે: ઑક્ટોબર-જૂન.**

## મુકુંદ્રા ટાઈગર રિઝર્વ

આ છે રાજસ્થાનનું ત્રીજું વાઘ અભયારણ્ય. એનું નામ પડ્યું બે સપાટ તથા લગભગ એકમેકને સમાંતર એવી બે સાંકડી મધ્ય ચોટી પરથી. ૨૦૧૩માં મુકુંદ્રા હિલ્સને નૅશનલ પાર્ક તરીકે ઘોષિત કરવામાં આવ્યું હતું અને એમાં દારાહ અભયારણ્ય, ચંબલ અભયારણ્ય તથા જસવંત સાગર અભયારણ્ય એમ ત્રણ વાઈલ્ડલાઈફ સેન્ક્ચુરીઝનો સમાવેશ થતો હતો. એનો કોર એરિયા છે ૪૧૭ વર્ગ કિલોમીટરનો અને બફર ઝોન છે આશરે ૩૪૩ વર્ગ કિલોમીટરનો. કોટાથી ૫૦ કિલોમીટર દૂર આવેલું આ અભયારણ્ય એક સમયે કોટાના રાજવીઓનું ખાનગી શિકારસ્થળ હતું. હવે અહીં ચાર ટાઈગર છે, જેમને રણથંભોરથી લાવીને અહીં વસાવવામાં આવ્યા છે. **અહીં આવવાનો શ્રેષ્ઠ સમય છે: ઑક્ટોબર-જૂન.** ◻